1. મેવાડનો ગોહિલવંશ પાછળથી ક્યા નામે ઓળખાયો હતો?

➢ મેવાડનો ગોહિલવંશ પાછળથી ‘સિસોદિયા રાજપૂત’ના નામે ઓળખાયો હતો.

2. ચિત્તોડનો વિજયસ્તંભ કોના પરાક્રમની સાક્ષી પૂરે છે?

➢ ચિત્તોડનો વિજયસ્તંભ (કીર્તિ-સ્તંભ) રાણા કુંભાના પરાક્રમની સાક્ષી પૂરે છે.

3. રાષ્ટ્રક્ટ રાજા કૃષ્ણ પ્રથમ ઈલોરામાં ક્યું મંદિર બંધાવ્યું હતું?

➢ રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ પ્રથમ ઈલોરામાં “કૈલાસ મંદિર” બંધાવ્યું હતું.

4. ‘મદનવિનોદ’ નામનો ગ્રંથ કોણે લખ્યો છે?

➢ કનોજના ગઢવાલ રાજા મુદચંદ્ર’મદનવિનોદ નામનો ગ્રંથ લખ્યો હતો.

5. રાજા ભોજે કયા કયા વિષયો પર ગ્રંથો રચ્યા હતા?

➢ રાજા ભોજે જ્યોતિષશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને સ્થાપત્યકલા પર વિવિધ ગ્રંથો રચ્યા હતા.

6. રાજપૂત યુગમાં મુખ્યત્વે કયા કયા ગૃહઉદ્યોગો વિકસ્યા હતા?

➢ રાજપૂત યુગમાં મુખ્યત્વે વસ્ત્રવણાટ, ધાતુકામ, ઝવેરાતકામ, જરીકામ , કોતરકામ વગેરે ગૃહઉદ્યોગો વિકાસ પામ્યો હતો.

7. રાજપૂત યુગમાં કયા ઉત્કૃષ્ટ સાહિત્યની રચના થઈ હતી?

➢ બિહણનું ‘વિક્રમાંકદેવચરિત’, દંડીનું ‘દશકુમારચરિત’, ચંદ બારોટનું પૃથ્વીરાજ રાસો, નારાયણ પંડિતનું ‘હિતોપદેશ’, સોમદેવનું ‘કથાસરિત્સાગર’ જેવા ઉત્કૃષ્ટ સાહિત્યની રચના રાજપૂત યુગમાં થઈ હતી.

8. રાજપૂત યુગમાં કયાં કયાં પ્રસિદ્ધ મંદિરો બંધાયાં હતાં?

➢ રાજપૂત યુગમાં જગન્નાથપુરીને વિષ્ણુમંદિર, ભુવનેશ્વર નું શિવમંદિર, કોણાર્કનું સૂર્યમંદિર, ખજુરાહોનું શિવમંદિર,કશ્મીર નું , માર્તંડમંદિર વગેરે પ્રસિદ્ધ મંદિરો બંધાયાં હતાં.

9. કયો પ્રદેશ ‘દખ્ખણ’ તરીકે ઓળખાય છે?

➢ વિંધ્યાચલ પર્વતમાળાથી તંગભદ્રા અને કષ્ણા નદી સુધીના પ્રદેશ ’દખ્ખણ’ તરીકે ઓળખાય છે.

10. કયો પ્રદેશ ‘દક્ષિણ ભારત’ તરીકે ઓળખાય છે ?

➢ તુંગભદ્રા અને કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધીના ‘દક્ષિણ ભારત’ તરીકે ઓળખાય છે.

11. ચોલવંશમાં કયા ક્યા રાજાઓ થઈ ગયા?

- ચૌલવંશમાં વિજયાલય , આદિત્ય પ્રથમ, પરાન્તક પ્રથમ, રાજારજ પ્રથમ, રાજેન્દ્ર દ્વિતીય, વીર રાજેન્દ્ર અને કુલોન્ગ વગેરે મુખ્ય ચૌલ રાજાઓ થઈ ગયા.

12. વિજયનગર રાજયની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી ?

- વિજયનગર રાજ્યની સ્થાપના ઈ. સ. 1936માં હરિહર અને બક્કારાય નામના બે ભાઈઓએ તુંગભદ્રા નદીની દક્ષિણે, ગુંડી રાજ્યના કિલ્લાની સામે કરી હતી.

13.વિજયનગર રાજ્યની સ્થાપના માટે કોની પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં હતાં ?

- વિજયનગર રાજ્યની સ્થાપના માટે હરિહર અને બુક્કારયને દક્ષિણ ભારતના વિદ્વાન બ્રાહ્મણ માધવ વિદ્યારબ્ધ અને તેના વિદ્વાન ભાઈ સાયણની પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં હતાં.

14.કૃષ્ણદેવરાયના સમયનાં કયાં મંદિરો કલાના ઉત્તમ નમૂના ગણાય છે ?

- કૃષ્ણદેવરાયના સમયનાં વિરુપાક્ષ, વિઠ્ઠલસ્વામી અને હઝારા રામસ્વામીનાં મંદિરો કલાના ઉત્તમ નમૂના ગણાય છે.

15.બહમની સલ્તનતના કયા ચાર પ્રાંતો હતા?

- બહમની સલ્તનતની વહીવટી સરળતા માટે આ ચાર પ્રાંતો પાડવામાં આવ્યા હતા : (1) ગુલબર્ગ, (2) દોલતાબાદ, (3) વરાડ અને (4) બીડર.